## ૨૦૧૩–૧૪

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૧<br>૨૦૧૩–૧૪ | આર.ટી.આઈ.એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ની તા.૨/૩/૧૩ની આઈ.ડી.નં.૨૨૫૯,માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૮/૩/૧૩ના રોજ મળેલ છે. જેમાં લાલ દરવાજા બ્રીજ દુર્ઘટનામાં સુ.મ.પા.ના કમિશ્નરશ્રીની ન્યાયી માહિતીની નકલ બાબતે માહિતી અધુરી નહીના બરાબર માહિતી મળેલ છે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧<br>તા.૩/૭/૧૩ |
| ૨<br>૨૦૧૩–૧૪ | આર.ટી.આઈ.એક્ટ હેઠળ શ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૧૪/૮/૨૦૧૩, આઈ.ડી.નં.૫૯૪ ની નં.બ્રીજસેલ/અપીલ/ઈનવર્ડ /નં.૨ તા.૨૭/૮/૨૦૧૩ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૬ ની મળેલ માહિતી અધુરી નહીના બરાબર માહિતી મળેલ છે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૨<br>તા.૨૦/૦૯/૧૩ |
| ૩<br>૨૦૧૩–૧૪ | આર.ટી.આઈ.એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧/૦૭/૨૦૧૩ આઈ.ડી.નં.૯૩૫ની અરજીનાં મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી મળેલ છે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૩<br>તા.૧૯/૧૦/૧૩ |
| ૪<br>૨૦૧૩–૧૪ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૧૧૯૯, તા.૨૯/૧૦/૧૩ની અપીલ અરજી નંબર .SMC/FAP/BRIDGE CE/04/2013-14, તા.૨૮/૧૦/૧૩ અરજદારની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૯/૧૦/૧૩ ના રોજ મળેલ છે.જે સંદર્ભે તેઓએ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગવામાં આવેલ, જે પૈકી મુદ્દા નં. ૧ અને ૩ અત્રેના ખાતાને સંલગ્ન ન હોવાથી અત્રેના ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આર./ આ.વ./૩૨ તા.૬/૯/૧૩ થી જા.મા.અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને અંશત : તબદીલ કરવામાં આવેલ હતી. જયારે મુદ્દા નં.૨,૪,૫ થી ૭ માં દિલ્હીગેટ એફ.ઓ.બી., અમરોલી તાપી બ્રીજ તથા અડાજણ થી કતારગામ દરવાજાનાં તાપી બ્રીજની વિસ્તૃત માહિતી માંગવામાં આવેલ હતી. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૫<br>તા.૩/૧૨/૧૩ |
| ૫<br>૨૦૧૩–૧૪ | અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ, આઈ.ડી.નં.૧૨૬૭, તા.૦૬/૧૧/૧૩ની અપીલ અરજી નંબર :– નં.SMC/FAP/BRIDGE CELL/05/2013-14 તા.૬/૧૧/૧૩ થી નવા ગામ ડીંડોલી રેલ્વે ઓવર બ્રીજ તથા ડીંડોલી ગામ પાસે ખાડી બ્રીજ અંગે માહિતી માંગવામાં આવેલ હતી. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૪ તા.૨ ૯/૧૧/૧૩ |
| ૬<br>૨૦૧૩–૧૪ | અરજદાર શ્રી ભૂપેન્દ્ર ચુનીલાલ કોસંબીયા, આઈ.ડી.નં.૧૧૭૦, તા.૨૯/૦૮/૨૦૧૩ ની અપીલ અરજી નં.SMC/FAP/BRIDGE CELL/06/2013-14 તા.૧૮/૧૧/૧૩ થી મુદ્દા નં. ૧ થી ૩ માં શહેરમાં હાલમાં નિર્માણાધીન બ્રીજ–ખાડી પુલની અવધિની વિગતો, કામગીરી કયારે શરૂ કરાય, કયારે પૂર્ણ થશે, કામગીરીમાં વિલંબ થયો હોય તો તેની કારણોસર વિગત, ઈજારદારનું નામ–સરનામું– ટેલિફોન–મોબાઈલ નંબર અને પ્રત્યેક બ્રીજના ખર્ચ સહિતની વિગતો માંગેલ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૬<br>તા.૧૦/૧૨/૧૩ |
| ૭<br>૨૦૧૩–૧૪ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૧૪૦૨, તા.૦૪/૧૨/૧૩ની અપીલ અરજી નં.SMC/FAP/BRIDGE CELL/07/2013-14 તા.૦૪/૧૨/૧૩ થી "કેબલ સ્ટેઈડ બ્રીજ" ની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગવામાં આવેલ હતી. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૭<br>તા.૩૧/૧૨/૧૩ |
| ૮<br>૨૦૧૩–૧૪ | અરજદાર શ્રી ભુપતભાઈ ગોકુલભાઈ સુહાણી, આઈ.ડી.નં.૯૮૪,તા.૨૮/૦૨/૧૪ ની અપીલ અરજી નં.SMC/FAP/BRIDGE CELL/08/2013-14 થી " ટી.પી. સ્કીમ નં.૧૧–પુણા મીડલ રીંગરોડ પર આવેલ સહજાનંદ સોસાયટી તથા અંજની નગર સોસા.ને જોતા ખાડી બ્રીજ વિ...... તથા મુદ્દા નં.૨ સીમાડા ખાડી કયારે ખુલ્લી કરવામાં આવશે અને કયારે બાંધવામાં આવશે? વિ........" ની માહિતી માંગવામાં આવેલ હતી. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૮<br>તા.૪/૩/૧૪ |

# ૨૦૧૩–૧૪

## હુકમ નં.૧

**અપીલ અરજી નં.:–** એસ.એમ.સી./ બ્રીજસેલ/એફ.એ.પી./ઈન નં./૦૧/૨૦૧૩–૧૪, તા.૨૮/૫/૧૩

**અરજદાર :–** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,

**સામાવાળા :–** અપીલ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ની તા.૨/૩/૧૩ની આઈ.ડી.નં.૨૨૫૯,માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૮/૩/૧૩ના રોજ મળેલ છે. જેમાં અરજદાર ધ્વારા લાલ દરવાજા બ્રીજ દુર્ઘટનામાં સુ.મ.પા.ના કમિશ્નરશ્રીની ન્યાયી માહિતીની નકલ બાબતે.

**સંદર્ભ :–** અરજદારની અરજી આઈ.ડી.નં.૨૨૫૯, તા.૨/૩/૧૩ અન્વયે અરજદાર મજકુરની તા.૨૦/૫/૧૩ ની પ્રથમ અપીલ નં. SMC/BRIDGE CELL/FAP/IN/01/2013-14 તા.૨૮/૫/૧૩ ના રોજ અત્રેના ખાતાને મળેલ.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨/૩/૧૩ ની અરજીનાં મુદ્દાઓ,

| અ.નં. | માહિતી |
|---|---|
| મુદ્દા નં.૧ | અમો અરજદારે આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની નમુના'ક" ની અરજીની જ સ્થાયી સમિતિ અને મહેરબાન કમિશ્નરશ્રીને ખુલ્લેઆમ લેખિતમાં જણાવેલ કે રાજકમલ બિલ્ડકોન કે જે ૩૩ માસ બાદ અમરોલી બ્રીજ બનાવેલ અને જેમાં પણ દુર્ઘટનામાં એક ઈસમનું મૃત્યુ થયેલ અને અગિયારને ઈજા થયેલ ત્યારે કઈીઈહઈ કમિશ્નરશ્રી કે સ્થાયી સમિતિએ કોઈ કાર્યવાહી કરેલ નહી અને કતારગામ પોલીસ સ્ટેશને આ ઈજારદાર અને તેના પુત્રની ધરપકડ કરેલ ત્યારે આ ટેન્ડર નહી આપવાનું જણાવેલ હવે આ ઈજારદારને આ કામગીરી બ્રીજની સોંપવાથી કઈીઈહઈ ને તથા જે ત્રણ આ હોનારતમાં મરી ગયા એના જવાબદાર વ્યકિત ફકત કમિશ્નરશ્રી અને સ્થાયી સમિતિનાં તે સમયનાં શ્રી મુકેશ દલાલ હોય, ફકત ઈજારદારને શો કોઝ નોટીસ નહી પરંતુ ઈજારદાર પર ત્રણ ઈસમોનાં મૃત્યુ થયા હોવાથી પોલીસ ફરીયાદ કઈીઈહઈ કમિશ્નરશ્રીએ ન કરી જે અંગેની માહિતીની નકલ. |
| મુદ્દા નં.૨ | આ બ્રીજ હોનારત સમયે સાંજે ૭ કલાકે તા.૨૬/૨/૧૩ ના રોજ ઈજારદાર, પી.એમ.સી., બ્રીજસેલનાં શ્રી બી.કે.ગઢિયા, કાર્યપાલક ઈજનેર, બ્રીજસેલના ડેપ્યુટી કમિશ્નરશ્રી અને બ્રીજ વિભાગનાં ડે.ઈજનેર પણ હાજર ન હતા.જેમા ફકત બે જ જવાબદારોને શો કોઝ નોટીસ આપવાથી આ ત્રણ મૃત્યુ થયા તેમના પરિવારોને એક એક લાખ મળશે અને તેઓની પત્નીઓ પતિ વગરની બચ્ચા બાપ વગરના અને પિતા પુત્ર વગરના થયેલ હોય જેથી આ બ્રીજસેલનાં તમામ જવાદબારો પર જવાબદારી ફિકસ કરી પોલીસ ફરીયાદ કરવાથી જ સાચો ન્યાય મહેરબાન કમિશ્નરે આપ્યો જણાશે જે અંગેની માહિતી. |
| મુદ્દા નં.૩ | સદર બ્રીજસેલને મહેરબાન કમિશ્નરશ્રીને અને સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રી પાસે ૫.૫૦ કરોડ ડેવીએશનનાં માંગેલ ત્યારે પણ અમો અરજદારે આર.ટી.આઈ.એકટ– ૨૦૦૫ની અરજથી વિરોધ દર્શાવેલ પરંતુ વ્યાવહારીક કારણે આજ રાજકમલ બિલ્ડકોને બનાવટ કરેલ ત્યારબાદ શુ શુ આ ઈજારદાર ધીમુ કામ કરવા હોવા છતાં કાર્યવાહી કરેલ તેની માહિતી. |
| મુદ્દા નં.૪ | અમરોલી પુલ હોનારતમાં જે મજદુર મૃત્યુ પામેલ તેને S.M.C. એ ૧ લાખ કેમ ન આપ્યો આ ત્રણ મજદુરનાં મૃત્યુમાં મેયર ફંડમાંથી ત્રણ લાખ આપવાનું મંજુર કરવા અંગેની માહિતી– એકને ગોળ એકને ખોળ, |
| મુદ્દા નં.૫ | સદર બ્રીજની કામગીરીમાં જરાપણ ઢીલાસ કરે તો ટેન્ડરની રકમ ૨૭ કરોડમાંથી ૧૦% પેનલ્ટીનાં કાપી જ લેવાના અને હાલમાં પણ ૨% કાપવા જ જોઈએ, ન કાપવા અંગેની અને કાપવા અંગેની માહિતીની નકલ. |

| | |
|---|---|
| મુદ્દા નં.૬ | મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં આ બ્રીજની કામગીરીમાં જેટલા પણ સામેલ હોય કઈીઈહઈના અધિકારીઓને પણ સળીયા પાછળ ન મુકાવવા અંગેની માહિતી. સદર ટેન્ડર પાસ કરનાર કોર્પોરેટર શ્રી મુકેશ દલાલ પર પણ ફરીયાદ થવા અંગેની માહિતી. |
| મુદ્દા નં.૭ | સીટી ઈજનેર સદર દુર્ઘટનાનાં રીપોર્ટમાં શું બતાવે છે. તેની તથા લાલ દરવાજાની બ્રીજ દુર્ઘટનામાં ઈજારદારને તથા અન્યને ક્લીન ચીટ આપે તો તેના આધાર પુરાવા સહિતની માહિતીની નકલ. દુર્ઘટનાને સગે વગે કરશે તો અમો અરજદાર શહેરીજન તરીકે ફરીયાદી બનીશુ તમામ બ્રીજ સેલનાં લાલ દરવાજા દુર્ઘટના સાથે સંકળાયેલ સામે કરીશું જેથી મહેરબાન કમિશ્નરશ્રી પોલીસ ફરીયાદ તમામ S.M.C.ના તથા ઈજારદાર સામે ન કરવા અંગેની માહિતીની નકલ. |

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ) શ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ./૦૧, તા.૦૧/૦૫/૧૩ થી અરજદારને માંગેલ માહિતી આપવામાં આવેલ છે.અરજદાર બી.પી.એલ કાર્ડ ધારક હોવાથી તેઓને વિનામુલ્યે માહિતી નીચે મુજબ આપવામાં આવેલ હતી.

મુદ્દા નં.૧ અન્વયે જણાવવાનું કે,આ અંગેની માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૨ અન્વયે જણાવવાનું કે,આ અંગેની માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૩ અન્વયે જણાવવાનું કે,આપના ધ્વારા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૪ અંગે જણાવવાનું કે, મેયરશ્રી ધ્વારા આપવામાં આવેલ નોંધ નંબર એમ.એન./૨૦૬ તા.૨૭/૨/૧૩ ની નકલ આ સાથે સામેલ છે. જે મુજબ ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

મુદ્દા નં.૫ અંગે જણાવવાનું કે, આ અંગે ઈજારદાર ધ્વારા સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૪૧૨/૨૦૧૨, તા.૦૭/૦૭/૧૨ને આધિન ટેન્ડર શરતો મુજબ કામગીરી કરવામાં આવી રહેલ હોય, આ અંગે હાલમાં કોઈ પેનલ્ટી કાપેલ નથી.

મુદ્દા નં.૬ અંગે જણાવવાનું કે,આ અંગેની માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૭ અંગે જણાવવાનું કે,આ અંગેની માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી.

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ) શ્રી એચ.એમ.સોની. ધ્વારા અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./૧ તા.૧/૫/૧૩ ના જવાબથી નારાજ થઈ અરજદારે તા.૨૦/૫/૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ જે અત્રેનાં ખાતાને સેન્ટ્રલ ઝોનનાં પત્ર નં.સી.ઝેડ/આર.ટી.આઈ./૬૨૬ તા.૨૭/૫/૧૩ ધ્વારા તા.૨૮/૫/૧૩ ના રોજ અત્રેનાં ખાતાને તબદીલ કરવામાં આવેલ હતી.

આથી બ્રીજસેલ વિભાગનાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેશ્રી(બ્રીજ) ધ્વારા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી એચ.એમ.સોની પાસે તા.૨૯/૫/૧૩ ના પત્ર નં.એસ.એમ.સી. બ્રીજસેલ/ એફ.એ.પી./આ.નં.૦૧/૨૦૧૩–૧૩ થી અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે પોતાનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. જે સંદર્ભે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી એચ.એમ.સોનીએ તા.૨૯/૬/૧૩ ના રોજ પોતાનો પક્ષ / રજુઆત કરેલ. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ) ધ્વારા અત્રેની કચેરીનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ/અ ા.નં./૧/૨ તા.૨૭/૬/૧૩ થી અરજદારને પોતાની રજુઆત / પક્ષ રાખવા માટે તા.૧/૭/૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર કોઈ પણ પ્રકારની મૌખિક / લેખિત જાણ / રજુઆત કર્યા વિના ગેરહાજર રહેલ. જેથી અરજદાર માહિતી મેળવવામાં કોઈપણ પ્રકારનો રસ ધરાવતા નથી તેવુ ફલિત થાય છે.

આમ, અરજદારની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તથા ડે.ઈજનેર અને જા.મા.અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પુર્તતા રીપોર્ટ તથા તેઓએ રજુ કરેલ માહિતી અંગેનાં દસ્તાવેજો જોતાં, અપીલ અધિકારી તરફથી મજકુર અરજદારની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨/૩/૧૩ ની આઈ.ડી.નં.૨૨૫૯ અરજી અત્રેનાં ખાતાને તા.૮/૩/૧૩ થી તબદીલ થયેલ. જેમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયતસમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.અને અરજદારે પોતાનાં તા.૨૦/૫/૧૩ ના પત્ર નં. એસ.એમ.સી./બ્રીજસેલ/એફ.એ.પી./ઈનવર્ડ/૦૧, તા.૨૮/૫/૧૩ થી પોતાને મળેલ માહિતથી નારાજ થઈ લેખિત રજુઆત કરેલ છે. જે જોતાં,અરજદારને તેઓની મુળ અરજીનાં સંદર્ભેમાં જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેનાં પત્ર નં. બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ./૦૧, તા.૧/૦૪/૧૩ થી આપેલ માહિતી અત્રેનાં ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવામાં આવેલ જ છે. આમ, અરજદારે કરેલ પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**Email :-** exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

# હુકમ નં.૨

**અપીલ અરજી નં.:–** બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/૨/૨૦૧૩–૧૪, તા.૨૧/૮/૨૦૧૩.

**અરજદાર :–** શ્રી નરેશ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :–** અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૧૪/૮/૨૦૧૩ની નં.બ્રીજસેલ/ અપીલ / ઈનવર્ડ /નં.૨, તા.૨૭/૮/૨૦૧૩ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૬ ની મળેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદારની આઈ.ડી.નં.૫૯૪ તા.૧૪/૬/૧૩ અન્વયે અરજદાર મજકુરની તા.૧૪/૮/૧૩ ની

પ્રથમ અપીલ નં. SMC/FAP/BRIDGE CELL/02/2013-14

શ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૨૭/૮/૧૩ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ થી ૬ અને મુળ આઈ.ડી.નં.૫૯૪, તા.૧૪/૬/૧૩,વધુમાં, અરજદાર બી.પી.એલ.કાર્ડ ધારક હોવાથી તેઓ ધ્વારા માંગેલ માહિતી વિના મુલ્યે પુરી પાડવાની રહે છે.

**<u>અરજદારના અપીલના કારણો :–</u>**

અરજદાર ધ્વારા તા.૩૦/૦૭/૧૩ના રોજ આપવામાં આવેલ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે.,જેમાં અત્રેનાં ખાતાને સંલગ્ન મુદ્દા નં.૬ માં " અઠવા– અડાજણ વચ્ચે કેબલ સ્ટેઈડ તાપી પુલની કામગીરીનો સમય ૧ વર્ષનો એટલે કે, એપ્રિલ–૧૩ ની સમયમર્યાદામાં પુરી કરવા અંગેનો કોન્ટ્રાકટ કઈીઈહઈ એ ઓકટોબર–૧૦ માં રૂા.૧૪૩ કરોડમાં આપેલ જે કામગીરીમાં હજુ એક વર્ષનો સમય કોન્ટ્રાકટર ધ્વારા લાગશે અને સવાર–સાંજ પીક અવર્સમાં સરદાર બ્રીજ પર ભારે ત્રાસ શહેરીજનોએ ઉઠાવવાનો રહેશે જે અંગે કોન્ટ્રાકટરના ટેન્ડર શરતો અનુસાર યોગ્યસરની પેનલ્ટી કે ઠપકો ન આપવા અંગેની માહિતીની નકલ આપવા બાબત."

**અપીલનાં હકીકતો :–** ઉપર જણાવેલ નં.૬ મુજબ માહિતી નહી આપી હોવાની હકીકતો....

**માંગેલ દાદ :–** જા.મા.અ.ધ્વારા મુદ્દા નં.૬ ની માહિતી નહી પુરી પાડવા બાબતે ..... દાદ આપવા વિનંતી. "

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી એચ.એમ.સોની મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ / રજુઆત પણ રજુ કરવા અપીલ અધિકારી(બ્રીજ)નાં પત્ર નં.કોહળખચયમનભ હભીીળાબ.ળડ×ળ ×ડક્ષ્ઘઢક્ષ, તા.૨૩/૮/૧૩ થી તમામ વિગતો મંગાવેલ. જેથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની તરફથી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ **નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ તા. ૧૨/૯/૧૩ ના રોજ મળેલ છે.** ઉપરોકત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા રજુ કરવામાં આવેલ પુર્તતા રીપોર્ટને આધારે એમ ફલીત થાય છે કે, અરજદારને ત્રણ(૩) વખત તેઓ ધ્વારા માંગવામાં આવેલ માહિતીની સ્પષ્ટતા કરવા બોલાવવામાં આવેલ પરંતુ અરજદાર એક પણ વખત હાજર ન રહેતા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી તરફથી અરજદારની મુળ અરજી દફતરે કરવામાં આવેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની અપીલ અરજી સાથે રજુ કરેલ જવાબની નકલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારનીતા.૧૪/૬/૨૦૧૩નીઆઈ.ડી.નં.૫૯૪ અરજથી માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૬ પૈકી મુદ્દા નં.૬ અત્રેના ખાતાને લાગત હોય, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની ધ્વારા અરજદારને ૩ (ત્રણ) વખત તેઓની માહિતી સ્પષ્ટતા કરવા રૂબરૂ બોલાવવામાં આવેલ હતા પરંતુ અરજદાર હાજર ન રહેતા, અરજી દફતરે કરવામાં આવેલ જેથી અરજદારની મુળ અરજી મુજબની માહિતી જે અત્રેના ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ " કેબલ સ્ટે બ્રીજના ઈજારદારને આપવામાં આવેલ નોટીસ, પેનલ્ટી બાબતની માહિતી", આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ અરજદારને વિના મુલ્યે દિન–૭માં માહિતી / માંગેલ દસ્તાવેજોની નકલ પુરી પાડવા જણાવવામાં આવે છે. અરજદારની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

# હુકમ નં.૩

**વિષય :**–આર.ટી.આઈ.એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧/૦૭/૨૦૧૩ આઈ.ડી.નં.૯૩૫ની અરજીનાં મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની અપીલ તા.૩૦/૦૯/૨૦૧૩ની SMC/BRIDGE CELL/FAP/IN.No.03/2013-14.

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં. ૯૩૫, તા.૩૦/૯/૧૩ની પ્રથમ અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ નંબર :**– નં.SMC/FAP/BRIDGE CELL/03/2013-1, **અપીલની તારીખ :**– તા.૩૦/૯/૧૩ જે અત્રેનાં ખાતાને તા.૦૧/૧૦/૧૩ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

આઈ.ડી.નં.૯૩૫ ,તા.૩૧/૦૭/૨૦૧૩ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૨/૦૮/૧૩ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :**– અરજદાર ધ્વારા પ્રથમ અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૯ માં અઠવા – અડાજણને જોડતા કેબલ સ્ટે બ્રીજ અંગેની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :**– જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ./૨૯, તા.૨૨/૮/૧૩ ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન અને ચકાસણી માટે બોલાવતા અરજદાર તા.૩૦/૯/૧૩ ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે આવેલ અને તેઓને જોઈતી અને ખાતાનાં દફતરી રેકર્ડ મુજબ ઉપલબ્ધ હોય, તે કુલ પાના નં.૭૯ની માહિતી અત્રેનાં ખાતાના પત્ર **નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ.વ./૨૯/૨, તા.૧૧/૯/૨૦૧૩** ના રોજ આપવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :**– જા.મા.અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ), શ્રી એચ.એમ.સોની મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી અરજદારને રૂબરૂ ઈન્સ્પેકશન અને ચકાસણી બાદ યોગ્ય અને સંતોષકારક રીતે આપવામાં આવેલ હતી પરંતુ તે માહિતી અરજદારને અસ્પષ્ટ અને અયોગ્ય લાગતા તા.૩૦/૯/૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૧૭/૧૦/૧૩ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ જેમાં જણાવ્યા મુજબ અત્રેના ખાતાનાં પત્ર નં. બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.નં./૨૯/૧, તા.૨૨/૮/૧૩ થી અરજદારને માહિતી મોકલાવેલ. જેમાં મુદ્દા નં.૧ , ૨ તથા મુદ્દા નં.૬ ની માહિતી માટે અરજદારને ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./નં.૨૯, તા.૨૨/૮/૧૩ થી ઈન્સ્પેકશન માટે તા.૩૦/૮/૧૩ ના રોજ રૂબરૂ બોલાવેલ. જે સંદર્ભે અરજદાર તા.૩૦/૮/૧૩ ના રોજ દફતરી ઈન્સ્પેકશન માટે હાજર રહેલ. ઈન્સ્પેકશન દરમ્યાન અરજદાર ધ્વારા મુદ્દા નં.૧, ૨ અને ૬ અન્વયે માંગેલ માહિતી મુજબ પાનાની નકલ કુલ નંગ – ૭૯ અરજદારને ખાતાના પત્ર નં. બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./નં.૨૯/૨, તા.૧૧/૯/૧૩ થી મોકલવામાં આવેલ છે. જે તેઓને તા.૧૩/૯/૧૩ ના રોજ પોસ્ટ ધ્વારા મળેલ છે.

**૬. રીમાર્કસ :**– અરજદારને મુદ્દા નં.૧,૨ અને ૬ ની માહિતી ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ આપેલ છે. જ્યારે મુદ્દા નં.૩,૫,૭,૮ અને ૯ ની માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી. તેથી તે મુજબ અરજદારને જવાબ પાઠવેલ છે. તથા મુદ્દા નં.૪ ની માહિતી અન્વયે નોંધની નકલ –૨(બે) મોકલવામાં આવેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે પ્રથમ અરજથી માંગેલ માહિતી રૂબરૂ ઈન્સ્પેકશન બાદ ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૨૯/૨, તા.૧૧/૯/૧૩ના પત્રથી પોસ્ટ મારફતે તા.૧૩/૯/૧૩ નાં રોજ પુરી પાડવામાં આવેલ છે. તથા અરજદારની પ્રથમ અપીલમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૪ ની નોંધની નકલનાં કુલ –૨(બે) પાના અરજદારને પુરા પાડવા આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ જાહેર માહિતી અધિકારીશ્રીએ દિન–૭ માં મોકલવા જણાવવામાં આવે છે. અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે ઉપરની વિગતે હુકમ કરવામાં આવેલ જે નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

## –: હુકમ નં.પ :–

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૧૧૯૯, તા.ર૯/૧૦/૧૩ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ નંબર :–** નં.SMC/FAP/BRIDGE CE/04/2013-14 **અપીલની તારીખ :–** તા.ર૮/૧૦/૧૩ અરજદારની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.ર૯/૧૦/૧૩ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

આઈ.ડી.નં.૧૧૯૯, તા.૦ર/૦૯/ર૦૧૩ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૯/૧૩ ના રોજ મળેલ છે.

**ર.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા પ્રથમ અરજીમાં મુદૃા નં.૧ થી ૭ ની માહિતી માંગવામાં આવેલ, જે પૈકી મુદૃા નં. ૧ અને ૩ અત્રેના ખાતાને સંલગ્ન ન હોવાથી અત્રેના ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આર./આ.વ./૩ર તા.૬/૯/૧૩ થી જા.મા.અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને અંશત : તબદીલ કરવામાં આવેલ હતી. જયારે મુદૃા નં.ર,૪,પ થી ૭ માં દિલ્હીગેટ એફ.ઓ.બી., અમરોલી તાપી બ્રીજ તથા અડાજણ થી કતારગામ દરવાજાનાં તાપી બ્રીજની વિસ્તૃત માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની અને શ્રી એન.કે.દિક્ષીત ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૩ર/૧, તા.ર૦/૦૯/૧૩ ના રોજ ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે મુદૃા નં.ર,૪,પ થી ૭ ની માહિતી નીચે મુજબ આપવામાં આવેલ હતી.

**મુદૃા નં.ર ની પુર્તતા :–** તાપી નદી પર અમરોલી બ્રીજ તેમજ દીલ્હીગેટ ફલાય ઓવર બ્રીજનું કામ સક્ષમ સત્તાની મંજુરીને આધીન રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ., અમદાવાદને સોંપવામાં આવેલ હતું. જયારે અડાજણ થી કતારગામને જોડતા તાપી નદી પર પુલ બાંધવાનું કામ સ્થા.સ.ઠ.નં.૧૯૮૯/૧૩, તા.૩૦/૮/૧૩ ને આધીન રણજીત બીલ્ડકોન લિ.,અમદાવાદને સોંપવામાં આવેલ છે. જેની નકલ પાના કુલ–૦૧ આ સાથે સામેલ છે.

**મુદૃા નં.૪ ની પુર્તતાઃ–** તાપી નદી પર અડાજણ થી કતારગામને જોડતો બ્રીજ બનાવવાના કામે બહાર પાડવામાં આવેલ જાહેર ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરરનું ટેન્ડર સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તા–સ્થાયી સમિતી ધ્વારા સ્થા.સ.ઠ.નં.૧૯૮૯/૧૩, તા.૩૦/૮/૧૩ થી મંજુર કરવામાં આવેલ છે.

**મુદૃા નં.પ ની પુર્તતા :–**

| પુલ | લંબાઈ | પહોળાઈ |
|---|---|---|
| કેબલ સ્ટેઈડ બ્રીજ | ૯૧૮ મીટર | ૧પ.૩ મીટર થી ૩ર.૩ મીટર( varing) |
| અડાજણ–કતારગામ તાપી પુલ | ર૯૩ર.૪૦ મીટર | ૮.પ થી ૧૯.પ૦ મીટર(varing) |

**મુદૃા નં.૬ ની પુર્તતા :–** કામનો પ્રકાર, સ્થળ–સ્થિતી, જે તે સમયના S.O.R. મુજબના અંદાજ અને મંજુર ટેન્ડર પ્રમાણેના ભાવો તથા કામગીરીના જથ્થાને આધીન કેબલ સ્ટે પુલની પ્રોજેકટ રકમ રૂા.૧૪૩.૬પ કરોડ છે. જયારે અડાજણ–કતારગામને જોડતા તાપી નદીના પુલની પ્રોજેકટ રકમ રૂા.૧૯૦.૮૧ કરોડ છે.

**મુદૃા નં.૭ ની પુર્તતા :–** કતારગામ–અડાજણને જોડતા તાપી નદી પર પુલના કામે ઈજારદારને સોંપવામાં આવેલ વર્કઓર્ડરની નકલ પાના કુલ–ર આ સાથે સામેલ છે.

**૪. અપીલના મુદૃાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની અને શ્રી એન.કે.દિક્ષીત ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતથી નારાજ, અસંતુષ્ટિ અને પ્રભાવિત થઈ તેઓએ તા.ર૮/૧૦/૧૩ ના રોજ અપીલ અરજી કરેલ.

**પ.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની અને શ્રી એન.કે.દિક્ષીત ધ્વારા તા.ર૦/૧૧/૧૩ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો.

**૬. રીમાકર્સ :–**અરજદારને પોતાનો પક્ષ / રજુઆત કરવા તા.૩૦/૧૧/૧૩ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ બોલાવવામાં આવેલ હતા, પરંતુ તેઓ ગેરહાજર રહેલ હતા તથા અરજદાર તરફથી તા.૩૦/૧૧/૧૩ ના સેન્ટ્રલ ઝોન ઓફીસના પત્ર નં.સી.સી.સી./સેન્ટ્રલ ઝોન/આઉટ / ૧૦૧૬ થી રજુઆત કરેલ જે પત્ર અત્રેના ખાતાને તા.૦ર/૧ર/૧૩ના રોજ મળેલ, તેઓએ કરેલ રજુઆતમાં **" અમે માંગેલ માહિતી આપવા વિનંતી તથા લેખિત પત્રને જ અમોને ઉપસ્થિત માનશો અને માહિતી પાઠવશો"** તે મુજબની રજુઆત કરેલ હતી તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની અને શ્રી એન.કે.દિક્ષીત ધ્વારા પ્રથમ અરજીનો જવાબ અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સાચી અને યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ હતી. વધુમાં અરજદારને અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ./૩ર/૧, તા.ર૦/૯/૧૩ થી આપવામાં

આવેલ હતી. જેથી અરજદારની પ્રથમ અપીલ અરજીમાં કરેલ માંગણી / રજુઆત યોગ્ય જણાતી નથી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૯/૧૩ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ સંપુર્ણ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :- exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

# હુકમ નં.૪

**અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ, આઈ.ડી.નં.૧૨૬૭, તા.૦૬/૧૧/૧૩ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ નંબર :–** નં. SMC/FAP/BRIDGE CELL/05/2013-1, **અપીલની તારીખ :–** તા.૦૬/૧૧/૧૩

અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૭/૧૧/૧૩ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

આઈ.ડી.નં.૧૨૬૭, તા.૧૩/૯/૧૩ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૨૪/૯/૧૩ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા પ્રથમ નવા ગામ ડીંડોલી રેલ્વે ઓવર બ્રીજ તથા ડીંડોલી ગામ પાસે ખાડી બ્રીજ અંગે માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૩૭ તા.૩૦/૯/૧૩ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે "નવાગામ ડીંડોલી ફાટક ઉપર નિર્માણાધીન બ્રીજની કામગીરી રેલ્વે વિસ્તાર સિવાય બંને તરફની પુર્ણ કરવામાં આવેલ છે. તથા રેલ્વે વિસ્તારની સ્ટીલ ગર્ડર બનાવવાની કામગીરી જરૂરી રેલ્વે વિભાગની મંજુરી મેળવ્યા બાદ પુર્ણ કરવામાં આવશે. વધુમાં, ડીડોલી ગામ પાસે આવેલ ખાડી બ્રીજની કામગીરી તા.૩૧/૦૮/૧૩ના રોજ જાહેર જનતા માટે ખુલ્લો મુકી લોકાર્પણ વિધી કરવામાં આવેલ છે. " તથા અરજદારની અરજીની નકલ પણ માહિતી સાથે મોકલવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની ધ્વારા કરવામાં આવેલ મુદ્દાઓની પુર્તતા યોગ્ય અને સંતોષકારક ન ગણતા તેઓએ તા.૦૬/૧૧/૧૩ ના રોજ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૨૦/૧૧/૧૩ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો.જેના આધારે અરજદારને તા.૨૭/૧૧/૧૩ ના રોજ પોતાની રજુઆત / પક્ષ રજુ કરવા બોલાવામાં આવેલ હતા.

**૬. રીમાકર્સ :–** અરજદાર તા.૨૭/૧૧/૧૩ ના રોજ રૂબરૂ હાજર રહેલ અને ડીંડોલી મેઈન રોડ પર જુના જકાતનાકા પાસે લેવલ ક્રોસીગ નં. ૨ પર ચફખ બનાવવાનું કામ ઝડપથી પુર્ણ કરવા સુચન કરેલ અને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી તરફથી પુરી પાડવામાં આવેલ હતી.

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ઘ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩/૯/૧૩ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રૂબરૂ રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા..............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

## –: હુકમ નં.૬ :–

**અરજદાર શ્રી ભૂપેન્દ્ર ચુનીલાલ કોસંબીયા, આઈ.ડી.નં.૧૧૭૦, તા.૨૯/૦૮/૨૦૧૩ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ નંબર :–** નં.SMC/FAP/BRIDGE CELL/06/2013-1, **અપીલની તારીખ :–** તા.૧૮/૧૧/૧૩

અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૦/૧૧/૧૩ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

આઈ.ડી.નં.૧૧૭૦, તા.૨૯/૦૮/૧૩ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૯/૧૩ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા મુદ્દા નં. ૧ થી ૩ માં શહેરમાં હાલમાં નિર્માણાધીન બ્રીજ–ખાડી પુલની અવધિની વિગતો, કામગીરી કયારે શરૂ કરાય, કયારે પૂર્ણ થશે, કામગીરીમાં વિલંબ થયો હોય તો તેની કારણોસર વિગત, ઈજારદારનું નામ–સરનામું–ટેલિફોન–મોબાઈલ નંબર અને પ્રત્યેક બ્રીજના ખર્ચ સહિતની વિગતો માંગેલ.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એન.કે.દિક્ષીત ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૩૪/૧, તા.૧૭/૧૦/૧૩ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારને તે સમયનાં પ્રગતિ હેઠળના કામોના ઈજારદારને આપવામાં આવેલ વર્કઓર્ડરની નકલ આપવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એન.કે.દિક્ષીત ધ્વારા કરવામાં આવેલ મુદ્દાઓના જવાબથી અસતુષ્ટ છે ફોન નંબર સહિત વિગત તથા આપેલ માહિતી પ્રાદેશિક અથવા રાષ્ટ્રીય ભાષામાં આપી નથી. એમ જણાવી તેઓએ તા.૧૮/૧૧/૧૩ ના રોજ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એન.કે.દિક્ષીત ધ્વારા તા.૩૦/૧૧/૧૩ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો.જેના આધારે અરજદારને તા.૦૭/૧૨/૧૩ ના રોજ પોતાની રજુઆત / પક્ષ રજુ કરવા બોલાવામાં આવેલ હતા.

**૬. રીમાર્કસ :–** અરજદાર તા.૦૭/૧૨/૧૩ ના રોજ રૂબરૂ હાજર રહેલ અને આપવામાં આવેલ માહિતી પત્રકના સ્વરૂપમાં આપવી તથા ઈજારદારના મોબાઈલ નંબર / ફોન નંબર આપવા જણાવેલ હતું. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ) તરફથી રજુ કરવામાં આવેલ પુર્તતા રીપોર્ટ મુજબ જણાવવામાં આવેલ કે, આર.ટી.આઈ.ના નિયમો મુજબ તેમજ વખતો વખત યોજવામાં આવતા આર.ટી.આઈ.ના સેમીનાર/વર્કશોપ વિગેરેમાં જણાવ્યા મુજબ ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબની માહિતી જ અરજદારને આપવાની રહે છે અને કોઈ માહિતી ટેબલ કે અન્ય સ્વરૂપમાં 'ઋભ્બ્તભ્' કરીને અરજદારને આપવાની રહેતી નથી. અરજદાર ધ્વારા માંગવામાં આવેલ વિગતો પૈકી અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ તે સમયના પ્રગતિ હેઠળના કામોની ઈજારદારને આપવામાં આવેલ વર્ક ઓર્ડરની નકલો અરજદારને આપવામાં આવેલ છે. જેમાં અરજદાર ધ્વારા માંગવામાં આવેલ વિગતો જેવી કે નિર્માણાધીન બ્રીજની અવધિ, કામગીરી કયારે શરૂ કરાય, કયારે પૂર્ણ થશે, ઈજારદારનું નામ–સરનામું અને બ્રીજના ખર્ચ સહિતની વિગતોનો સમાવેશ થયેલ છે. તેમ જ અત્રેના ખાતાની ચાલી આવતી પ્રથા મુજબ ઈજારદારને વર્ક ઓર્ડર અંગ્રેજી ભાષામાં જ આપવામાં આવતા હોય અરજદારને ઉપબલ્ધ રેકર્ડ મુજબની માહિતી આપવામાં આવેલ છે. અને અત્રેથી આપવામાં આવતા વર્ક ઓર્ડરમાં ફોન નંબર–મોબાઈલ નંબરનો સમાવેશ કરવામાં આવતો ન હોવાથી ફોન નંબરની વિગત ઉપલબ્ધ કરાવવામાં આવેલ નથી.

વધુમાં, ગુજરાત માહિતી આયોગના માહિતી કમિશ્નરશ્રીના તા.૨૯/૦૧/૧૩ ચુકાદા મુજબ, કલમ ૨(એફ),૭(૯) મુજબ, " જાહેર સત્તામંડળની કચેરીમાં જે સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હોય, તે પ્રમાણે જ અરજદારને માહિતી આપવાની જોગવાઈ છે. કોઈપણ અરજદાર તેમના ધ્વારા બનાવવામાં આવેલ કોષ્ટક અથવા પત્રક પ્રમાણે માહિતી મેળવવા આગ્રહ રાખી શકે નહી. "

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯/૦૮/૧૩ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રૂબરૂ રજુઆત મુજબ જોઈતી માહિતી આર.ટી.આઈ.ની અરજીના જવાબમાં ઉપલબ્ધ દફતરી રેકર્ડ, આર.ટી.આઈ.ના નિયમો તેમજ માંગ્યા મુજબની આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

# હુકમ નં.૭

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૧૪૦૨, તા.૦૪/૧૨/૧૩ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ નંબર :–** SMC/FAP/BRIDGE CELL/07/2013-1, **અપીલની તારીખ :–** તા.૦૪/૧૨/૧૩

અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૫/૧૨/૧૩ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

આઈ.ડી.નં.૧૪૦૨, તા.૦૭/૧૦/૧૩ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૧૧/૧૦/૧૩ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા "કેબલ સ્ટેઈડ બ્રીજ" ની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૪૦ , તા.૨૩/૧૦/૧૩ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે "કેબલ સ્ટેઈડ બ્રીજ" અંગે મુદ્દા નં.૧, ૫, ૬ અને ૭ ની માહિતી આપવામાં આવેલ હતી તથા મુદ્દા નં.૨ થી ૪ અને ૮ થી ૧૦ ની માહિતી ખાતામાં ઉપલબ્ધ ન હોવાથી આપવામાં આવેલ નથી.

**૪. અપીલના મુદ્દાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની ધ્વારા આપવામાં આવેલ માહિતથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૧૮/૧૨/૧૩ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેના આધારે અરજદારને તા.૨૭/૧૨/૧૩ ના રોજ પોતાની રજુઆત / પક્ષ રજુ કરવા બોલાવામાં આવેલ હતા. પરંતુ અરજદાર ગેરહાજર રહેતા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા પોતાનો પક્ષ અને પુર્તતા રીપોર્ટ બાબતે રજુઆત કરેલ હતી.

**૬. રીમાકર્સ :–** અરજદારને પોતાનો પક્ષ અને રજુઆત સાંભળવા તા.૨૭/૧૨/૧૩ ના રોજ રૂબરૂ બોલાવવામાં આવેલ હતા પરંતુ તેઓ ગેરહાજર રહેલ તથા તેઓ તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી.

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭/૧૦/૧૩ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

## –: હુકમ : ૮:–

**અરજદાર શ્રી ભુપતભાઈ ગોકુલભાઈ સુહાણી, આઈ.ડી.નં.૯૮૪,તા.૨૮/૦૨/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ નંબર :–** SMC/FAP/BRIDGE CELL/08/2013-14

**અપીલની તારીખ :**–તા.૨૮/૦૨/૧૪અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૯/૦૧/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

આઈ.ડી.નં.૯૮૪, તા.૧૯/૧૨/૧૩ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૨/૦૧/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા " ટી.પી. સ્કીમ નં.૧૧–પુણા મીડલ રીંગરોડ પર આવેલ સહજાનંદ સોસાયટી તથા અંજની નગર સોસા.ને જોતા ખાડી બ્રીજ વિ...... તથા મુદ્દા નં.૨ સીમાડા ખાડી કયારે ખુલ્લી કરવામાં આવશે અને કયારે બાંધવામાં આવશે? વિ........" ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./ ૫૬ , તા.૧૭/૦૧/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે મુદ્દા નં.૧ની માહિતી આપવામાં આવેલ હતી. તથા મુદ્દા નં.૨ અત્રેના ખાતાને લાગુ પડતો ન હોવાથી તેની માહિતી આપવામાં આવેલ ન હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની ધ્વારા આપવામાં આવેલ માહિતીમાં રેકર્ડના કાગળો તથા મુદ્દા નં.૨ ની માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી. જેનાથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૧૯/૦૨/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેમાં જણાવેલ કે, મુદ્દા નં.૧ અંગેની માહિતી અરજદાર સાથે ટેલીફોનીક ચર્ચા કરી માંગ્યા મુજબની માહિતી અત્રેની કચેરીનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./૫૬/૨ તા.૪/૨/૧૪ થી આપવામાં આવેલ તથા મુદ્દા નં.૨ ની માહિતી ડ્રેનેજ વિભાગનાં કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી, અત્રેની કચેરીનાં પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ./૫૬/૧ તા.૪/૨/૧૪ થી ડ્રેનેજ વિભાગમાં તબદીલ કરી તેની જાણ અરજદારને કરવામાં આવેલ હતી.

ઉપરોકત તમામ હકીકતથી વિદીત થઈ, અરજદારને પ્રથમ અપીલ અરજી અંગે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૬/૦૨/૧૪ ના રોજ રૂબરૂ બોલાવામાં આવેલ હતા.જેમાં અરજદાર તરફથી " સહજાનંદ– સોસાયટી પાસેનો ખાડી બ્રીજ કયારે પુર્ણ થશે ? " તે બાબતની માહિતી માંગેલ હતી. જે અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અરજદારને " સદર ખાડી બ્રીજની અધુરી કામગીરી પુર્ણ કરવા ઈજારદારને નોટીસો આપવામાં આવેલ છે તેમજ કામગીરી તાકીદે શરૂ કરવાના પ્રયાસો પ્રગતિ હેઠળ છે." તેમ જણાવવામાં આવેલ.

**૬. રીમાર્કસ :–** –––––

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ઘ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭/૦૧/૧૪ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.